બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં વિગતવાર ગુણાંકન નક્કી કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એનજીસી/૧૦૨૦/CHE-૨૧૯/ ખ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ ૨૪/૦૫/૨૦૨૧

**વંચાણે લીધા -**

૧. યુજીસી રેગ્યુલેશન્સ ઓન મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન, ૨૦૧૦, તા.૩૦.૬.૨૦૧૦

૨. શિક્ષણ વિભાગના તા.૧૮.૦૪.૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ એનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ

૩. યુજીસી રેગ્યુલેશન્સ ઓન મીનીમમ ક્વોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિક સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેનન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજ્યુકેશન, ૨૦૧૮, તા.૧૮.૦૭.૨૦૧૮.

૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની તા.૦૨.૦૫.૨૦૨૦ની દરખાસ્ત ક્રમાંક-કવટ/આઇએસસી ૮/ભરતી/૨૦૨૦/ ૧૧૦૯૮

**પ્રસ્તાવના-**

રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૦ના પારા ૪.૨.૦ અને ૬.૦.૯ મુજબ વિગતવાર ગુણાંકન નક્કી કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક-(૨)ના આ વિભાગના ઠરાવથી ઠરાવવામાં આવેલ હતું.

યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ અમલમાં આવતાં, રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ મુજબ લાયકાત પારા. 4.1.V.(A), પસંદગી સમિતિની રચના પારા 5.1.VIII(A) મુજબ, એકેડેમિક રીસર્ચ સ્કોર અંગેની ગણતરી APPENDIX-II TABALE-02 મુજબ અને ત્યારબાદ પસંદગી પ્રકિયા નક્કી કરવા અંગે વંચાણે લીધેલ ક્રમાંક-(૧)ના પત્રથી ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત અંગે જરૂરી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યમાં આવેલી બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં આચાર્યની સીધી ભરતીની કાર્યવાહીમાં યુ.જી.સી. રેગ્યુલેશન-

CEH/263/IT
05/06/2021

૨૦૧૮, પારા 4.1.V.(A)માં દર્શાવેલ જોગવાઈ ધ્યાને લઈને નીચે મુજબની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

**College Principal**

**A. Eligibility:**

i. Ph.D. degree
ii. Professor/Associate Professor with a total service/ experience of at least fifteen years of teaching/research in Universities, Colleges and other institutions of higher education.
iii. A minimum of 10 research publications in peer-reviewed or UGC-listed journals.
iv. A minimum of 110 Research Score as per Appendix II, Table 2.

And

v. The research score shall be from the minimum of three categories out of six categories.

૨. આ ઉપરાંત આચાર્યની સીધી ભરતી પ્રક્રિયામાં યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ના પારા 5.1.VIII(A) માં કરેલ જોગવાઇ અનુસાર પારા 5.1.VIII(A) ક્રમ(d) સિવાયના મુદ્દાઓ ધ્યાનમાં રાખીને પસંદગી સમિતિની રચવાની આથી મંજૂરી આપવામાં આવે છે અને આચાર્યની ભરતી કરવા માટે ઉપર મુજબની પસંદગી સમિતિમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી દ્વારા નિયુક્ત એક સરકારી પ્રતિનિધિનો સમાવેશ કરવાનો રહેશે.

૩. બિનસરકારી અનુદાનિત કોલેજોમાં આચાર્યની ભરતી પ્રક્રિયામાં એકેડેમિક/રીસર્ચ સ્કોરની ગણતરી યુ.જી.સી. રેગ્યુલેશન-૨૦૧૮ના Appendix-II, Table-2 અનુસાર ગણતરી કરવાની રહેશે.

૪. રીસર્ચ સ્કોરને આધારે આચાર્યની ભરતી પ્રક્રિયામાં પસંદગીની પ્રકિયા નીચે મુજબ અનુસરવાની રહેશે.

**100% Score based on interview**

| Sr. | Parameter | Weightage % |
|---|---|---|
| A | Assessment of aptitude for teaching, research and administration | 35 |
| B | Ability to communicate clearly and effectively | 15 |
| C | Ability to plan institutional programs, analyse and discuss curriculum development and delivery, research support and college development/ administration | 35 |
| D | Ability to deliver lecture programs to be assessed by requiring the candidate to participate in group discussion or exposure to a classroom situation by a lecture | 15 |
| | Total | 100 |
| | | |

ઉપર મુજબના હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૦૨.૦૨.૨૦૨૧ની નોંધથી મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ઉ.અને ટે.શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, તમામ સરકારી યુનિવર્સિટીઓ, ગુજરાત રાજ્ય. (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- આચાર્યશ્રી, તમામ બિન સરકારી કોલેજો (ઉ.શિ.કમિશ્રીની કચેરી મારફતે)
- ખ-૧ અને ખ-૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતીસહ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.